કોવિડ-૧૯ મહામારીના સમયગાળા દરમિયાન
માતા/પિતા પૈકી એક વાલીનું અવસાન થયેલ
હોય તેવા બાળકોને સહાય કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨(પાર્ટ-૨)/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮/૦૭/૨૦૨૧.

વંચાણે લીધો:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જજઅ/ ૧૦૨૦૨૧/૨૧૮૭૦૨/છ, તા.૧૧/૦૬/૨૦૨૧.

પ્રસ્તાવના:-

કોરોના મહામારીના આ સમયગાળા દરમિયાન માતા અને પિતા બંનેનું અવસાન થયેલ હોય તેવા અનાથ બનેલ બાળકોને આર્થિક સહાય અને અન્ય પ્રકારની યોજનાનો લાભ અગ્રતાના ધોરણે આપવા "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના ઠરાવથી અમલમાં મુકેલ છે. હવે કોરોના કાળમાં માતા/પિતા પૈકી કોઇ પણ એક વાલીનું અવસાન થયું હોય તેવા બાળકોને પણ સહાય આપવાનું રાજ્ય સરકારની સક્રીય વિચારણા હેઠળ હતું.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" નો વ્યાપ વધારી સદર યોજનામાં નીચે મુજબનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧) જે બાળકના માતા કે પિતા બે માંથી કોઇ પણ એક વાલીનું કોરોના કાળમાં અવસાન થયું હોય તેવા બાળકને માસિક રૂ.૨,૦૦૦/- (અંકે રૂપિયા બે હજાર પુરા) તે બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી મળવાપાત્ર થશે.

૨) કુટુંબના ૧૮ વર્ષથી નીચેની વય સુધીના બધા બાળકને આ લાભ મળવાપાત્ર થશે.

૩) માર્ચ-૨૦૨૦ થી કોરોના કાળના સમય સુધી આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર થશે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧)ના ઠરાવમાં સહાય અર્થે ઉલ્લેખ કરેલ. (અ) (૧) અને (૨) સિવાયના અન્ય વિભાગોના તમામ લાભો પણ આ બાળકોને મળવાપાત્ર થશે.

૪) આ યોજનાનો લાભ કોઇ પણ જાતની આવક મર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય મળવાપાત્ર થશે.

આ સિવાય વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક: (૧)ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

વિભાગ હેઠળની આ યોજના માટેનો ખર્ચ હાલ પાલક માતા પિતા યોજના હેઠળના સદરે ખર્ચ પાડવાનો રહેશે. ત્યારબાદ "મુખ્યમંત્રી બાળ સેવા યોજના" નું અલગ હેડ ખોલાવી તે હેડમાં ખર્ચ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૭/૦૭/૨૦૨૧ની નોંધથી મળેલ મંજુરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. પી. પટેલ )
નાયબ સચિવ ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ૧-, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ૧-,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના (સા.ન્યા.) અંગત મદદનીશ, સા ન્યા અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં૧૬., ડોજીવરાજ મહેતા ભવન ., ગાંધીનગર.
- સર્વે શાખાઓ, સા. ન્યા. અને અધિ. વિભાગ, બ્લોક નં૫., ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોસેલ-, સા ન્યા અને અ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં.
- સિલેકટ ફાઇલ-૨૦૨૧.